# MEDIA BUZZ

## ઉદ્યોગ જગત, સીએ, શેરબજાર અને ફ્રેડાઈના બજેટ પ્રતિભાવ

### બે લાખ કરોડની પોલિસી એમએસએમઈ માટે ખૂબ જ ઉપયોગી નીવડી શકશે



“બજેટમાં કોઈ મોટો બદલાવ નથી. એમ.એસ.એમ.ઈ માટે બે લાખ કરોડની પોલિસીની જાહેરાત ખુબ જ ઉપયોગી સાબિત થશે. સિમ્પલ અને મેચ્યોર બજેટ છે.” અભિષેક ગંગવાલ, પ્રેસિડેન્ટ, એફજીઆઈ

### પાછલા વર્ષની આવક જાહેર કરીને બ્લેક મનીને વ્હાઇટ કરવાની તક મળશે



“બે વર્ષ માટે રિટર્નમાં બદલાવની જે વાત છે તે કરદાતાઓ પાછલા વર્ષની આવકને જાહેર કરી શકે છે, જેથી સરકારને આવક થશે અને બ્લેક મની ઈનડાયરેક્ટ વ્હાઇટ થશે.” સંજીવ શાહ, ચાર્ટડ એકાઉન્ટન્ટ

### પગારદાર વર્ગ માટે કોઇ જોગવાઇ નથી, ખેડૂતો માટે જાહેરાતો સારી છે



“કેન્દ્રીય બજેટમાં પગારદાર વર્ગ માટે કોઈ જોગવાઈ નથી વડોદરા નોકરિયાત વર્ગનું શહેર છે. મધ્યમ વર્ગ માટે ટેક્સમાં બદલાવની જોગવાઇ એવી આશા હતી, ખેડૂતો માટે જાહેરાતો ખૂબ જ સારી છે.” મોહન નાયર, ઉદ્યોગપતિ

*People generally expect a major reduction in taxes and duties every year. It is not possible. No major changes mean the going is good. Credit of Rs2 lakh crore for MSMEs is a welcome move. The major thrust on infrastructure, water, urban planning and some clarity on digital currency is good.*



—**Abhishek Gangwal**, President, Federation of Gujarat Industries

---

બુધવાર, તા. ૦૨ ફેબ્રુઆરી, ૨૦૨૨

### વડોદરાના ઉદ્યોગ સંગઠનો કેન્દ્ર સરકારના બજેટથી ખુશ

## ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમને લંબાવવાના નિર્ણયથી નાના ઉદ્યોગોને ફાયદો થશે

વડોદરા, મંગળવાર

કેન્દ્ર સરકારે આજે રજૂ કરેલા બજેટથી વડોદરાના ઔદ્યોગિક સંગઠનો ખુશ છે અને તેમના મતે આ બજેટના કારણે વડોદરા તેમજ મધ્ય ગુજરાતના એમએસએમઈ( માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ)ને પણ ફાયદો થશે.

### બે લાખ કરોડની વધુ ક્રેડિટ આપવાની જોગવાઈ પણ કરાઈ છે: ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓ પર ફોકસ તેમજ વિવિધ ડ્યુટી ઘટાડવાની જાહેરાત પણ આવકાર્ય

ઔદ્યોગિક સંગઠન ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ તેમજ વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિઝના હોદ્દેદારોનુ કહેવુ હતુ કે, બજેટમાં એમએસએમઈ માટેની ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કિમને વધુ એક વર્ષ લંબાવાઈ છે.જેના ભાગરુપે ૫૦૦૦૦ કરોડ રુપિયાની બીજી જોગવાઈ કરાઈ છે.આ ઉપરાંત એમએસએમઈને ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટ સ્કીમ હેઠળ વધારાના બે લાખ કરોડ રુપિયાનુ ધીરાણ આપવામાં આવશે.

તેની સાથે સાથે સરકારે કેપિટલ એક્પેન્ડિચર માટે ૭.૫ લાખ કરોડ રુપિયા ફાળવવાની જાહેરાત કરી છે.તેનાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓને વેગ મળશે.જેનો ફાયદો ઉદ્યોગોને મળશે.સ્ટીલ પરની ડ્યુટી ઘટાડવાની અને ઉદ્યોગો જે મશિનો મંગાવે છે તેના પરની ડ્યુટી ઘટાડવાની જાહેરાત પણ આવકાર દાયક છે.

સરકારે સમતોલ અને તમામ ક્ષેત્રોને આવરી લેતુ બજેટ રજૂ કર્યુ છે તેવુ ઉદ્યોગ સંગઠનોનુ કહેવુ હતુ.

#### ૯.૨ ટકાના ગ્રોથ રેટનો અંદાજ વિકાસની દિશા સૂચવે છે

સીએ મનીષ બક્ષીનુ કહેવુ છે કે, નાણા મંત્રીએ આવકવેરાના માળખામાં કોઈ ફેરફાર સૂચવ્યો નથી તે સાતત્યપૂર્ણ નિર્ણય છે.વૈશ્વિક અર્થતંત્ર તરફનુ દિશાસૂચક બજેટ છે.સામાન્ય લોકો, કરદાતાઓ અને પેન્શનરોની અપેક્ષા પૂરી થઈ નથી.કરદાતાઓ હવે બે વર્ષ સુધી અપડેટેડ રિટર્ન ભરી શકશે તે સારી વાત છે.વર્ચ્યુઅલ ડિજિટલ કરન્સી બહાર પાડવાની વાત આવકારદાયક,૯.૨ ટકાનો ગ્રોથ રેટ તેમજ ૬.૪ ટકાની ખાધનો અંદાજ વિકાસની દિશા સૂચવે છે.લાંબા ગાળાનુ સ્થિર અને સાતત્યપૂર્ણ બજેટ છે.

#### સેમી કન્ડકટર ક્ષેત્રમાં ...ી તકો ઉભી થશે

...ર શાહના કહેવા પ્રમાણે ...ી જાહેરાત પ્રમાણે ...તે ડિજિટલ કરન્સી ...રહી છે.આમ લોકોને ...ઈન મળશે અને તેમાં ...ણ કરશે.બીજી તરફ ...વેચાણ પર ૩૦ ટકા ... કરીને સરકારે તેને ...ાન્યતા આપી દીધી ...ો કે જેમની પાસે ... એસેટ નથી તેમના ...૦૦ કરોડ રુપિયાની ...મી કન્ડકટર ક્ષેત્રમાં ...યાના રોકાણના ...ની તકો ઉભી થશે.

#### દેશમાંથી શસ્ત્રો ખરીદવાના નિર્ણયથી ભારતના ઉદ્યોગોને વેગ મળશે

એફજીઆઈના વાઈસ પ્રેસિડેન્ટ આરતી બાસુના મતે ઘણા બધા બીન જરુરુ કાયદાઓ દુર કરીને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ પર ભાર મુકાયો છે.એમએસએમઈને બૂસ્ટ કરવાના પ્રયાસો થયા છે.માળખાકીય સુવિધાઓને વધારવા માટે આગામી પાંચ વર્ષ ધ્યાન આપવાની જાહેરાત થઈ છે.તેનાથી પણ ઉદ્યોગે ફાયદો છે.શસ્ત્રો ખરીદવાના બજેટનો ૬૮ ટકા હિસ્સો દેશમાં જ વાપરવામાં આવશે તેવી જાહેરાતથી પણ ઉદ્યોગોને લાભ થશે.

#### જીએસટી કાયદાની જોગવાઈઓમાં પણ સુધારા

સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલ્ટન્ટના સ્થાપક પ્રમુખ ભાસ્કર પટેલના જણાવ્યા પ્રમાણે જીએસટીમાં વેરાશાખનો દાવો મજરે લેવાનો બાધ બાકી હોય તો તે પછીના વર્ષ સપ્ટેમ્બરમાં પત્રક-બીમાં મજરે લઈ શકાતો હતો.આ સમય મર્યાદા ૩૦ નવેમ્બર કરવામાં આવી છે.૧ જુલાઈ,૨૦૧૭થી વાર્ષિક ૧૮ ટકાના દરે કોટી મજરે લીધેલી અને ભોગવેલી વેરાશાખ પર પમ વ્યાજ ચુકવવુ પડશે.ક્રેડિટ લેજરમાં વેરાશાખનો મહ્તમ ઉપયોગ કરી બાકીનો ટેક્સ રોકડો ભરવાનો રહેશે.

#### કેપિટલ ખર્ચ વધારીને ઈકોનોમીને બૂસ્ટર ડોઝ આપવાનો પ્રયાસ

સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલટન્ટના ઉપ પ્રમુખ દીપક અમીનનુ કહેવુ છે કે, આગામી દિવસોમાં ચૂંટણીઓ હોવા છતા બજેટમાં કોઈ જાતની વધારાની યોજનાઓની જાહેરાત કરાઈ નથી.કેપિટલ ખર્ચનુ રોકાણ વધારીને ઈકોનોમીને બૂસ્ટર ડોઝ આપવાનો આપવાનો પ્રયાસ કરાયો છે અને લાંબા ગાળાના ગ્રોથ રેટને ધ્યાનમં રખાયો છે.

#### બજેટ સારુ પણ નોકરીયાત વર્ગની આશા પૂરી ના થઈ

નંદેસરી જીઆઈડીસીના પૂર્વ પ્રમુખ મોહનલાલ નાયરના મતે બજેટ બધી રીતે સારુ છે પણ તેમાં નોકરિયાત વર્ગને કોઈ ફાયદો કરાવાયો નથી.ડાયરેક્ટ ટેક્સ લિમિટમાં સરકાર વધારો કરશે તેવી આશા લોકોને હતી પણ તે આ બજેટમાં પૂરી થઈ નથી.બાકી ઉદ્યોગોની સાથે સાથે ખેડૂતોને પણ ફાયદો થાય તેવુ બજેટ છે.

#### બજેટમાં કોઈ ધરખમ ફેરફારોની જાહેરાત નથી કરાઈ

એફજીઆઈ પ્રમુખ અભિષેક ગંગવાલનુ કહેવુ છે કે, શેરબજારે પણ બજેટને હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે.બજેટમાં કોઈ ધરખમ સુધારા વધારા કરવામાં આવ્યા નથી.હાઉસિંગ, અર્બન પ્લાનિંગ, ઘરે ઘરે પાણી પહોંચાડવા જેવી યોજનાઓ પર ભાર મુકાયો છે.આરબીઆઈ પોતે ડિજિટલ કરન્સી ઈસ્યૂ કરવાની હોવાથી લોકોની શંકાઓ દુર થશે.બહુ સરળ અને પરિપક્વ બજેટ છે

#### નવા લોજિસ્ટિક પાર્કના કારણે માલની હેરફેર ઝડપી બનશે

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સના વાઈસ પ્રેસિડેન્ટ હિમાંશુ પટેલનુ કહેવુ છે કે, ચાર લોજિસ્ટિક પાર્ક બનાવવાની જાહેરાતથી માલની હેરફેર ઝડપી બનશે.પીવાના પાણીને ઘરે પહોંચાડવા માટે ગુજરાતની નર્મદા અને તાપી સહિત દેશની ૬ નદીઓને જોડવાનો નિર્ણય પણ

### ...ારી વર્ગ બજેટથી નાખુશ

## ઈ-કોમર્સ નીતિ જાહેર કરવાની માંગણી સરકારે સ્વીકારી નથી

સરકારના બજેટે વેપારીઓને નિરાશ કર્યા છે તેવુ વડોદરા વેપાર વિકાસ સંગઠનના આગેવાન પરેશ પરીખ તેમજ રમેશ પટેલનુ કહેવુ ... વે પક્રિયામાં નિયમોમાં બદલવાની જરુર છે.જેના પર સરકારે ધ્યાન આપ્યુ નથી.સરકારે ઈ કોમર્સ પોલિસી પણ જાહેર કરી નથી.૧૦ લાખ સુધી